જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૫/૮/૨૦૧૪ સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી ૨૧૭૭/૧૪**

**ગોમતીપુર પો.સ્ટે**

ગઈકાલ તા:૨૪/૮/૧૪ નારોજ ગોમતીપુર પો.સ્ટેશનના સર્વે સ્કોડના સ્ટાફના માણસો પોલીસ સ્ટેશન ખાતે હાજર હતા. આ દરમ્યાન કલાક ૨૨/૦૫ વાગે પો.સ.ઈ. એસ.એમ.લાસન તથા હેડ કોંન્સ અલ્તાફખાન કરીમખાનને મળેલ બાતમી આધારે બાતમીવાળી જગ્યા મણીયારવાડ હુસૈની મસ્જીદ પાસે રાજપુર ટોલનાકા ગોમતીપુર અમદાવાદ શહેર ખાતે જઈ તપાસ કરતા અનવરહુસૈન ઉર્ફે લાલા સ/ઓ સીકંદરભાઈ સંધી ઉવ ૫૨ રહે. મનં ૧૬૮૭ મણીયારવાડ હુસૈની મસ્જીદ પાસે રાજપુર ટોલનાકા ગોમતીપુર અમદાવાદ શહેર નાનો મળી આવેલ જેના મકાનમા ઉત્તરની દિવાલે એક લાકડાના ચોકઠાનુ કબાટ(લાકડાનુ ચોકઠુ) ફીટ કરેલ જે કબાટ બહાર ખેચી કાઢી જોતા બાદ દિવાલમા ધક્કો મારતા બારી બહારના ભાગે ખુલી ગયેલી બાદ જરુરી ઈલે. બત્તીના અજવાળે જોતા પ્રથમ ગેલેરી જેવો ભાગ છે જેમા નીચે અંદર નમી ગેલેરીમા જોતા એક વજનદાર મેણીયાની થેલી મળી આવેલ જેમા ચાર દેશી તમંચા જેમા નં ૧ જેની લંબાઈ માપી જોતા ૧૦ ઈંચ તથા બેરલના આગળના ભાગના હોલ નો વ્યાસ ૩ સેં.મી. છે સદરી તમંચો દેશી હાથ બનાવટનો છે તથા નં ૨ જેની લંબાઈ માપી જોતા ૧૧ ઈંચ તથા બેરલના આગળના ભાગનો હોલનો વ્યાસ ૪ સેં.મી. છે સદરી તમંચો દેશી હાથ બનાવટનો છે તથા નં ૩ જેની લંબાઈ માપી જોતા ૮ ઈંચ તથા બેરલના આગળના ભાગનો હોલનો વ્યાસ ૪ સેં.મી. છે સદરી તમંચો દેશી હાથ બનાવટનો છે નં ૪ જેની લંબાઈ માપી જોતા ૧૧ ઈંચ તથા બેરલના આગળના ભાગનો હોલનો વ્યાસ ૫ સેં.મી. છે સદરી તમંચો દેશી હાથ બનાવટનો તુટેલી હાલતમા છે જેની એક ની કીરુ ૧૦૦૦/- લેખે ચાર તમંચાની કુલ કી.રુ ૪૦૦૦/- ગણી શકાય તથા જીવતા કાર્ટીસ નંગ-૧૬ કિ.રુ. ૧૬૦૦/- તથા ખાલી કાર્ટિસ નંગ-૪ જેની કિ.રુ. ૦૦/૦૦ ગની શકાય. તેમજ સદર ગેલેરીમા વધુ તપાસ કરતા પાંચ લોખંડની તલવારો જેની કી.રુ ૦૦/૦૦ તથા એક લાકડાના હાથાવાળી લોખંડની ફરસી જેની કી.રુ ૦૦/૦૦ ગણી શકાય જે અંગે પો.સ.ઈ. શ્રી એસએમ.લાસન નાઓએ તેના વિરુધ્ધ ધી આર્મ્સ એક્ટ કલમ ૨૫(૧) (બી)(એ) તથા જીપી એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ પો.ઈ.શ્રી ડી.એચ.દેસાઈ નાઓ રુબરુની કાયદેસર ફરીયાદ આપેલ છે. તેમજ મજકુર ઈસમ પાસેથી ઈગ્લીશ દારુની ત્રણ બોટલ મળી આવતા જે અંગે અલગથી પ્રોહીબિશનની અલગથી ફરીયાદ કરવામાં આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.